EDI

Divya Bhaskar

February 17, 2015
Page No. 1
City Bhaskar

# ઈડીઆઈ દ્વારા બાયોનિયલ કોન્ફ.

સિટી રિપોર્ટર • આંત્રપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા '11મી બાયેનિયલ કોન્ફરન્સ'નું આયોજન 18-20 ફેબ્રુઆરી દરમિયાન યોજવામાં આવ્યું છે. આ ત્રિ-દિવસીય કોન્ફરન્સનું ઉદઘાટન જાણીતાં ઈતિહાસકાર, આઈઆઈએમએનાં બિઝનેસ હિસ્ટ્રી એન્ડ આંત્રપ્રિન્યોરશીપનાં કસ્તુરભાઈ લાલભાઈ ચેર પ્રોફેસર પ્રો. દ્વિજેન્દ્ર ત્રિપાઠીનાં હસ્તે કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં અભ્યાસ, તાલીમ, રિસર્ચ વગેરેમાં ઈન્સ્ટિટ્યુટનો દેશ-વિદેશમાં ફાળો અને સફળતા વિશે ચર્ચા થશે. તેમજ અન્ય રિસર્ચર, થિન્કર્સ અને એજ્યુકેટર્સ દ્વારા આ ક્ષેત્રનાં તેમનાં વિચારોની આપ-લે કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં 150 ડેલિગેટ્સ હાજરી આપશે. જેમાં 250 પેપર્સની એન્ટ્રીઝ આવી છે. જેમાં આંત્રપ્રિનીયોરશીપ એજ્યુકેશન, વુમન આંત્રપ્રિનીયોરશીપ, સોશિયલ આંત્રપ્રિનીયોરશીપ, એસએમઈઝ, માઈક્રો-એન્ટરપ્રાઈઝીસ, ઈનોવેશન, એગ્રિપ્રિનીયોરશીપ, ટુરીઝમ આંત્રપ્રિનીયોરશીપ, ટેક્નોપ્રિનીયોરશીપ, વગેરેનાં પેપર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. 28 પેપર્સ અલ્જેરિયા, બાંગ્લાદેશ, ઈથીયોપિયા, જર્મની, ઈન્ડોનેશિયા, જોર્ડન, મલેશિયા, મેક્સિકો, નાઈજીરિયા, પોલેન્ડ, સર્બિયા, ઓમાન, સ્વિડન, યુકે, યુએસએ, ઉઝબેકિસ્તાન અને ઝિમ્બાબ્વેનાં પેપર્સની રિસિવ કરવામાં આવ્યાં છે.